જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૦/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી ૪૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૮,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૩/૧૬**

વટવાઃ લવકુશ કૌશલભાઈ જયસ્વાલ (ઉ.વ.૨૧) (રહે. વૃંદાવન સોસાયટી વૈશાલીનગર સોસાયટી પાસે કોઝી હોટલની સામે નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે લવકુશ જયસ્વાલના ભાઈ મનોજ ધ્રુવનગર નજીક કિચડવાળી જગ્યાએથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઘર નજીક રહેતા આરોપીઓ (૧) રાહુલ ઉર્ફે ક્રિષ્ના શિવનાથ ગુપ્તા (૨) લાલબહાદુર શિવપ્રસાદ યાદવ (૩) દેશરાજ તાતીરામ સેંગર અને (૪) મોનું (જેના પુરા નામની ખબર નથી) પુરઝડપથી મોટર સાયકલ ચલાવી કિચડ ઉડાડયો હતો. જેથી કિચડ ઉડાડવા બાબતે તા.૧/૧૦/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સોસાયટી નજીક લાલબહાદુરની દુકાન આગળ લવકુશ અને મનોજ ઠપકો આપવા ગયા હતા ત્યારે ઉપરોક્ત બધા આરોપીઓએ ભેગા મળી ઝગડો કરી લવકુશને તેમજ લવકુશના ભાઈ મનોજને ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ લાકડીથી તથા લોખંડના સળીયાથી મનોજને માથામાં માર મારી ગંભીર ઇજાઓ કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત મનોજને સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મનોજને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

વેજલપુર : **મનીષભાઇ ઉર્ફે મનુજી બચુભાઈ ઠાકોર** (રહે.રવિનગર વિભાગ-૨, મહાકાળી મંદીરની પાછળ, **જીવરાજપાર્ક) એ** વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૨/૧૦/૧૬ ના કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારે વાસણા ગામ, બ્રહ્માણીમાતાના મંદીર પાસે આરોપી દિશાંત નટવરભાઈ પટેલ (રહે, દીપ એપાર્ટમેન્ટ, આર.સી.પટેલ સ્કુલ પાસે, વાસણા) અને તેની સાથે આવેલ એક અજાણ્યો ઈસમે ભેગામળી મનીષભાઇનાં ફોઈના દિકરા મહેશભાઇ ઉર્ફે મલો બળદેવભાઈ ઠાકોર (ઉ.વ.૨૬) (રહે,વાસણા ગામ ઠાકોર વાસ) સાથે બે દિવસ અગાઉ આરોપી દિશાંતના ભાઈ સાથે થયેલ ઝઘડાની અદાવત રાખી, બંને આરોપીઓએ છરી વડે મહેશભાઇને ગળાનાં ભાગે અને શરીરે જીવલેણ ઘા મારી, મહેશભાઇનું સ્થળ પરજ મોત નીપજાવી નાસી ગયા છે.** આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **એ.વી.પટેલ** ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બળાત્કાર/છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૪/૧૬**

સરદારનગરઃ નરોડા વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષની મહીલાએ તા.૧/૧૦/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૧/૭/૧૬ ના રોજ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મુકેશભાઇ મેઘરાજ જેઠાણી (રહે. સીંધી કોલોની નીમચ મધ્યપ્રદેશ) અને મુકેશભાઈના સંબંધીઓએ જણાવેલ કે મુકેશભાઈના પ્રથમ લગ્ન કરેલ પત્નીને છુટાછેડા આપેલ છે તેમ કહી મહીલાને લગ્નની લાલચ આપી મુકેશભાઈએ નરોડા પાટીયા ખાતે મહીલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી લગ્ન નહી કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૫/૧૬**

સોલા હાઇકોર્ટઃ કરુણાબહેન વિજયસિહ રહેવર (રહે. બંગલા નં-૪ રત્નસાગર વિભાગ-૨ સોલા હાઇકોર્ટ પાછળ સોલા) એ તા.૧/૧૦/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૯/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૧/૯/૧૬ કલાક ૪/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બારીના સળીયા કાઢી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તોજોરીમાથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૬/૧૬**

સરદારનગરઃ ગૌરવ વિનોદ ભારદ્વાજ (ઉ.વ.૨૬) (રહે. વેસ્ટર્નપાર્ક એપાર્ટમેન્ટ ગુરૂદ્વારાની પાછળ થલતેજ) તા.૧/૧૦/૧૬ કલાક ૧/૦૦ વાગે મિત્ર અમીત સાથે નરોડા પાટીયાથી શટલ ઓટોરિક્ષામાં બેસી નાના ચિલોડા જવા નિકળ્યા હતા ત્યારે ઓટોરિક્ષા ચાલક અને રિક્ષામાં બેઠેલ ચાર અજાણ્યા ઈસમોએ રિક્ષા નાના ચિલોડા નહી પરંતુ કુબેરનગર રેલ્વે પાટા પાસેની સાંકડી અંધારી ગલીમા લઇ જઇ માર મારી ગૌરવ અને અમીતકુમાર પાસેના સોના-ચાંદીના દાગીના મોબાઇલ ફોન, ઘડીયાળ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૬,૧૬૦/- મત્તાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગૌરવ ભારદ્વાજે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી આર પટેલ ચલાવે છે

ઉપરોક્ત ગુનાના કામે સરદારનગર પોલીસે આરોપી (૧) રીતેશ કુલચંદ ગારંગે (રહે. માચીસ ગલી કુબેરનગર) (૨) સની સીસોદીયાભાઇ રાઠોડ (રહે.ફ્રી કોલોની કુબેરનગર) (૩) રવી કનેયાલાલ બજરંગે (રહે. ફ્રી કોલોની કુબેરનગર) અને (૪) બોબી (રહે. ફ્રી કોલોની કુબેરનગર) ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૭/૧૬</u>**

સેટેલાઈટઃ મહેન્દ્રકુમાર સુનિલાલ પરિહર (ઉ.વ.૫૬) (રહે. સુખવાડી,કસ્તુરબાનગર સોસાયટી પાસે સરસપુર) તા.૩૦/૯/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પત્ની સાથે એક્ટીવા ચલાવી આંબલીથી ઇસ્કોન આવતા જમનાદાસ હાઉસની સામે વિક્રમનગર કોલોની નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મહેન્દ્રકુમારની પત્નીના ગળામાંથી મોતી જડીત મંગળસુત્ર કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મહેન્દ્રકુમારે સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)